# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૨૨/૦૫/૨૦૧૭

તંત્રીશ્રી,

.................................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

- દેશને મજબૂત કરવા માટે ભાજપાને મજબૂત કરવું પડશે અને ભાજપાને મજબૂત કરવા માટે બુથને મજબૂત કરવું પડશે : શ્રી ભરતભાઈ પંડયા
- દેશ માટે ભારરૂપ બની ગયેલી કોંગ્રેસને નેસ્તનાબૂદ કરવા માટેની યોજના એટલે વિસ્તારક યોજના : શ્રી ભરતભાઈ પંડયા
- વિસ્તારક યોજના એટલે વ્યક્તિત્ત્વ ખીલવવાનું માધ્યમ : શ્રી ભરતભાઈ પંડયા
- ગુજરાતમાં વિસ્તારક યોજના હેઠળ ૨ દિવસમાં ૧૨૩ કાર્યશાળા યોજાઈ : શ્રી ભરતભાઈ પંડયા

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીશ્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર ધ્વારા પંડિત દીનદયાળ ઉપાધ્યાય જન્મશતી વિસ્તારક યોજનાની કાર્યશાળાના બીજા દિવસે ભારતીય જનતા પાર્ટી–ગુજરાત પ્રદેશના પ્રવક્તા શ્રી ભરતભાઈ પંડયા "પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના ખાતે ઉપસ્થિત રહી સુરત મહાનગરના વોર્ડ નં. ૧૧ થી ૨૦ સુધીમાં વોર્ડના કાર્યકર્તાઓ જે બુથ વિસ્તારક તરીકે પોતાનો કિંમતી સમય તા. ૨૮ મે થી ૫ જુન નવ દિવસ સુધી વિસ્તારક રહેનારા કાર્યકર્તાઓને "વિસ્તારકની ભૂમિકા" અંગેનું માર્ગદર્શન આપ્યું હતું.

પ્રદેશ પ્રવક્તા શ્રી ભરતભાઈ પંડયાએ સૌ પ્રથમ તા. ૨૮ મે થી ૫ જુન વિસ્તારક યોજનામાં ૯ દિવસ સુધી પોતાના વ્યક્તિગત રોજગાર–ધંધા છોડીને નિસ્વાર્થ ભાવના સાથે પાર્ટીની વિચારધારા સાથે પોતાના પક્ષ માટે સમય આપનાર તમામ કાર્યકર્તાઓને અભિનંદન પાઠવ્યા હતા.

દેશને મજબૂત કરવા માટે ભાજપાને મજબૂત કરવું જરૂરી છે અને ભાજપાને મજબૂત કરવા માટે બુથને મજબૂત કરવું જરૂરી છે. તેમ જણાવી પ્રદેશ પ્રવક્તા શ્રી ભરતભાઈ પંડયાએ દેશ માટે બુથ મજબૂત કરવા ઉપસ્થિત વિસ્તારકોને આહ્‌વાન કર્યુ હતું. વાણી, વ્યવહાર, વર્તન થકી લોકો સાથે આત્મીયતા કેળવી આદરપૂર્વક પાર્ટીની વિચારધારા લોકો સમક્ષ મુકવી જોઈએ. આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્ત્વવાળી કેન્દ્ર સરકાર અને માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્ત્વવાળી રાજ્ય સરકારની વિવિધ ગરીબલક્ષી, ખેડૂતલક્ષી, પ્રજાલક્ષી યોજના જન–જન સુધી પહોંચાડવી જોઈએ. માત્ર સતા એ પાર્ટીનું લક્ષ્ય નથી સેવા એ જ પાર્ટીનું પ્રથમ અને અંતિમ લક્ષ્ય છે. લાકોની સુખાકારી માટેની અનેક યોજનાઓનો લાભ લોકો વધુમાં વધુ કઈ રીતે લઈ શકે તેનું માર્ગદર્શન લોકોને આપવું એ દરેક વિસ્તારકની પ્રથમ ફરજ છે. તેમ પ્રદેશ પ્રવક્તા શ્રી ભરતભાઈ પંડયાએ જણાવ્યું હતું.

દેશ માટે કેમ ભાજપ જરૂરી છે ? તે અંગે ભાજપા અને કોંગ્રેસ પાર્ટીની મુળભુત વિચારધારા પર પ્રકાશ પાડતા પ્રદેશ પ્રવક્તા શ્રી ભરતભાઈ પંડયાએ જણાવ્યું કે કોંગ્રેસ માત્ર એક જ  પરિવારને દેશ માને છે. જ્યારે ભાજપ ૧૨૫ કરોડ દેશવાસીઓને પોતાનો પરિવાર માને છે. કોંગ્રેસ માત્ર એક જ પરિવારની ભક્તિ કરી છે. દેશની તમામ નાની–મોટી યોજનાઓ સાથે એક જ પરિવારનું નામ જોડીને દેશ સાથે ખૂબ મોટો અન્યાય કર્યો છે. ૫૬૫ રાજા–રજવાડાઓને એકત્રિત કરી અખંડ ભારતનું નિર્માણ કરનાર દેશના લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલના અવસાન પછી છેક ૪૫ વર્ષ બાદ તેમને ભારતરત્નનો એવોર્ડ અપાયો હતો. જ્યારે જવાહરલાલ નહેરૂ અને ઈન્દિરા ગાંધીને જીવતા જીવ ભારતરત્ન અને રાજીવ ગાંધીના અવસાન પછી માત્ર ગણતરીના દિવસોમાં જ ભારતરત્નનો એવોર્ડ એનાયત કરી દેવાયો હતો. દેશ સાથે હળાહળ અન્યાય કરનારી કોંગ્રેસ આજે દેશ માટે બોજારૂપ બની ગઈ છે. ત્યારે આ કોંગ્રેસને નેસ્તનાબૂદ કરવું એ દેશ માટે ખૂબ જરૂરી છે. ત્યારે કોંગ્રેસને નામશેષ કરવા માટે અને કોંગ્રેસને બુથ મુક્ત કરવા માટે શ્રી ભરતભાઈ પંડયાએ ઉપસ્થિત વિસ્તારકોને આહ્‌વાન  કર્યુ હતું.

આજની વિસ્તારક શિબીરમાં શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા, મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા સહિત પાર્ટીના પદાધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા.